# 16. કુદરતી

## સ્વાધ્યાય

1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની નિશાની કરો:

1) બાબુનો મિત્ર દેવલો સ્વર્ગમાં શું બની ગયો હતો?

(A) ઇન્દ્રરાજા

(B) ગંધર્વ

(C) દેવાંશી અપ્સરા

(D) રસોયો

2) "મારો બાળપણનો જિગરજાન દોસ્ત છે, બાબુ. ઈની બઉ યાદ આવે છે... ઈને તેડાવો..." આ વાક્ય કોણ બોલે છે? કોને કહે છે?

(A) બાબુ ઇન્દ્રરાજાને કહે છે.

(B) ઇન્દ્રરાજા ગંધર્વને કહે છે.

(C) ઇન્દ્રરાજા બોલે છે અને દેવલાને કહે છે.

(D) દેવલો બોલે છે અને ઇન્દ્રરાજાને કહે છે.

3) સ્વર્ગના નિયમ મુજબ કયું કાર્ય પુણ્ય ગણાય?

(A) કડક નિયમવાળા ધરમ-કરમ

(B) કર્મકાંડ, સ્નાન-સંધ્યા

(C) કુદરતી રીતે, સહજતાથી થયેલું સદ્કાર્ય

(D) ઇરાદાપૂર્વક અને ગણતરીપૂર્વકનું કાર્ય

4) બાબુનું કયું પુણ્યકર્મ તેને સ્વર્ગમાં લઈ ગયું?

(A) પેશાબ કરતાં બે ડગ ખસીને એક કીડીને મરતાં બચાવી.

(B) ચાલીસ વર્ષથી ઉપાસના કરતો હતો

(C) કર્મકાંડ, સ્નાન-સંધ્યા

(D) ઇરાદાપૂર્વકનું પૂણ્યકર્મ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો:

1) દેવલાએ બાબુ સાથેની દોસ્તીને કેવી રીતે નિભાવી તે તમારા શબ્દોમાં લખો.

- એક વાર સ્વર્ગની અપ્સરા દેવાંશી એટલે કે દેવલાનાં નાચગાનથી પ્રસન્ન થયેલા ઇન્દ્રરાજાએ દેવલાને વરદાન માગવા કહ્યું. દેવલાએ ઇન્દ્રરાજા પાસે એના નાનપણના ભાઈબંધને સ્વર્ગમાં લાવવાની ઈચ્છા રજૂ કરી. ઇન્દ્રરાજાએ એની ઈચ્છા પૂરી કરી અને બાબુને દેવલા સાથે એક દિવસ સ્વર્ગમાં રહેવાનો લહાવો મળ્યો. આ રીતે દેવલાએ બાબુ સાથેની દોસ્તી નિભાવી.

3. નીચેના પ્રશ્નનો સાત-આઠ લીટીમાં ઉત્તર લખો:

1) બાબુના સ્વર્ગના અનુભવો તમારા શબ્દોમાં લખો.

- એક પુણ્ય બાબુને હાથે થયું એના લીધે બાબુને એક દિવસ સ્વર્ગમાં રહેવાનો લહાવો મળ્યો. બે દેવદૂતોએ બાબુને ફૂલની જેમ ઊંચકી લીધો. તેઓ આકાશમાં ઊડવા લાગ્યા; પરંતુ ઠંડાં વાદળાંમાંથી પસાર થતાં બાબુને છીંક આવી, તો તરત જ એક અપ્સરાએ આવીને એના રેશમી લૂગડાથી બાબુનું નાક લૂછ્યું, આ અપ્સરા એટલે તેમના જ ગામનો અને નાનપણનો મિત્ર દેવલો! મૃત્યુ બાદ દેવલો સ્વર્ગની અપ્સરા દેવાંશી થઈ ગયો હતો. બાબુ સ્વર્ગના બગીચામાં ફર્યો. ત્યાં ભાતભાતનાં ઝાડ, વેલ, ફૂલ હતાં. પાણીના ફુવારા ઊડતા હતા અને ચારે બાજુ સુગંધ ફેલાયેલી હતી. ત્યાંથી બાબુ મોટા મહેલમાં દાખલ થયો. ત્યાં દરબાર ભરાયો હતો. સિંહાસન પર ઇન્દ્રરાજા બિરાજેલા. નાચગાન ચાલતાં હતાં. બાબુ પ્રવેશતાં જ નાચગાન બંધ થઈ ગયાં. બાબુને જોઈને ઇન્દ્રરાજા તરત જ ઊભા થઈ ગયા અને 'આવો બાબુરાજ' કહીને એને પ્રેમથી ભેટ્યા. બંનેની આંખમાં હરખનાં આંસુ આવ્યાં. ઇન્દ્રરાજાની આંખના ઈશારે ફરી નાચગાન શરૂ થયાં. દેવાંશીએ 'મારી વેણીમાં ચાર ચાર ફૂલ, અંબોડલે સોહે સોહામણી ઝૂલ' ગીત મીઠાશ અને હલકથી ગાયું. દેવાંશી રૂપરૂપના અંબાર જેવી હતી. એની આગળ બીજી અપ્સરા ઝાંખી લાગે. નાચગાન ફરી બંધ થયા પછી ઇન્દ્રરાજા બાબુને જમવા લઈ ગયા અને તેને ચોખ્ખા ઘીની ધારવાળું છુટ્ટું ચૂરમું જમાડ્યું, બંગલા પાન ખવડાવ્યું. બાબુએ દેવાંશી સાથે થોડો આરામ કર્યો. પછી બાબુને પૃથ્વીલોકમાં પાછો મોકલી આ દીધો. આમ, બાબુએ એક દિવસ સ્વર્ગમાં રહેવાનો આનંદ લીધો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in